**<u>મહે. દેત્રોજના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.દેત્રોજ, અમદાવાદ.</u>**

ક્રિ.પ.અ.નં. ૩૧ /૨૦૨૨.
આંક –

અરજદાર : પટેલ અમૃતભાઇ કેશવલાલ

રહે.ઓઢવપુરા, મુ.ઓઢવ, તા.દેત્રોજ, જી.અમદાવાદ

વિરુધ્ધ

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી,
ઓઢવ ગ્રામ પંચાયત કચેરી,
મુ.ઓઢવ, તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ

(૨) આચાર્યશ્રી,
શ્રી ગૌતમેશ્વર વિદ્યામંદીર ગુંજાલા
મુ.ગુંજાલા, તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::
**બાબત :– જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ ની કલમ ૧૩/૩ હેઠળ જન્મની નોંધ કરવા અરજ**
::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::
અરજદાર તરફે:– એસ.ડી.યોગી
સામાવાળા તરફે :–
::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**<u>–::: ચુકાદો:: :–</u>**

(૧) આ કામના અરજદારની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર ઉપરોક્ત સરનામે રહે છે અને નિવૃત જીવન ગુજારે છે. આ કામના અરજદારની કૌટુંબીક ભત્રીજી નામે પ્રેમીલાબેન લક્ષ્મણભાઇ નો જન્મ અરજદારના ભાભી રઇબેન લક્ષ્મણભાઇ ની કુખે મોજે ગામ ઓઢવપુરા, તા.દેત્રોજ–રામપુરા,(મુળ તા.વિરમગામ) જી.અમદાવાદ મુકામે તારીખ– ૦૧/૦૬/૧૯૭૨ ના રોજ થયેલો. અરજદારની કૌટુંબીક ભત્રીજીના જન્મ સમયે તેઓના ભાઇ– ભાભી તથા પરિવારજનોની કાયદાકીય અજ્ઞાનતાના કારણે તેણીની જન્મની નોંધણી ઓઢવપુરા ગ્રામ પંચાયત કચેરીના જન્મ નોંધણી રજીસ્ટરમાં કરાવવાની રહી ગયેલ છે. અરજદારની કૌટુંબીક ભત્રીજીએ ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ શ્રી ગૌતમેશ્વર વિદ્યામંદીર, ગુંજાલા, તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ મુકામે કરેલ છે

તેમજ તેઓની ભત્રીજીનો શાળા રેકર્ડ મુજબ ચાલતો જી.આર.નં. ૩૪૮ પ્રમાણે હતો તેઓની ભત્રીજીએ વર્ષ જુન– ૧૯૮૭ માં ધોરણ ૧૦ ની પરીક્ષા આપેલ અને સદર શાળામાંથી શાળા છોડ્યાનું એલ.સી. નં. ૨૫૭૩ ની વિગતવાળું મેળવેલ જેમાં પણ તેની જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૨ તથા જન્મ સ્થળ ઓઢવપુરા, તા.વિરમગામ (હાલ તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ) લખાયેલ છે. અરજદારની કૌટુંમ્બીક ભત્રીજીને સરકારી, અર્ધસરકારી કચેરી ના કામે જન્મનો દાખલો રજુ કરવો જરૂરી હોય , હાલની અરજી અરજદારની ભત્રીજી પટેલ પ્રેમીલાબેન લક્ષ્ણણભાઈના જન્મની નોંધણી કરાવવા દાખલ કરેલ છે.

(૨) અરજદારે સદર અરજીના કામે આંક-૫ થી અરજદાર પટેલ અમૃતભાઈ કેશવલાલની સોગંદઉપરની જુબાની, આંક-૬ થી પટેલ વિષ્ણુભાઈ અમરતલાલ ની સોગંદઉપરની જુબાની, આંક-૭ થી તલાટી કમ મંત્રીશ્રી, ઓઢવ ગ્રામ પંચાયત કચેરી દ્વારા આપવામાં આવેલ સોગંદ ઉપરની જુબાની, આંક-૮ થી આચાર્યશ્રી, શ્રી ગૌતમેશ્વર વિદ્યામંદીર, ગુંજાલા, તા.દેત્રોજ-રામપુરા, જી.અમદાવાદનાઓની સોગંદ ઉપરની જુબાની તથા આંક-૧૩ થી ફો.પર.અરજ નં. ૧૯/૨૨ ના કામના જજમેન્ટની સર્ટીફાઈડ નકલ તેમજ નિ.૩/૧ થી ઓઢવ ગ્રામ પંચાયત કચેરી તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર તેમજ નિં. ૩/૨ થી અરજદારની ભત્રીજીનું શ્રી ગૌતમેશ્વર વિદ્યામંદીર, ગુંજાલાનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર તેમજ અરજદારની ભત્રીજીનું ઓળખપત્ર રજુ રાખેલ છે. આ ઉપરાંત આ કામે અરજદારે તેમની અરજીની હકીકતો સંબંધે તારીખ ૧૭/૧૧/૨૨ ના રોજ વર્તમાનપત્ર "સંદેશ" ની ઝાલાવાડ–અમદાવાદ આવૃતિમાં જાહેર નોટીસ આપેલ તેમજ તે નોટીસ બાબતે આજદિન સુધી કોઈ મારફતે તકરાર લેવામાં આવેલ નથી જે આ કામે આંક–૧૨ થી રજુ રાખેલ છે.

(૩) આ કામે આંક–૫ થી અરજદાર પટેલ અમૃતભાઈ કેશવલાલ તેમજ આંક–૬ થી સાક્ષી પટેલ વિષ્ણુભાઈ અમરતલાલનાઓએ તેમની સરતપાસ સોગંદનામુ રજુ કરેલ છે અને આંક–૧ ની અરજી હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે વધુમાં આ કામે આંક–૦૭ થી તલાટી કમ મંત્રીશ્રી, ઓઢવ ગ્રામ પંચાયત કચેરીનાઓએ તેમના પુરાવા સાથે નિ. ૭/૧ થી સને ૧૯૭૨ ના વર્ષનું જન્મ મરણના પત્રકની નકલ રજુ છે. જે વંચાણે લેતા જન્મ ની નોંધણી રજીસ્ટરમાં થયેલ નથી. તેમજ આ કામે આંક–૮ થી આચાર્ય શ્રી ગૌતમેશ્વર વિદ્યામંદીર, ગુંજાલાનાઓ તેમના પુરાવામાં જણાવે છે કે આ કામના અરજદારના ભત્રીજીએ તેઓની શાળામાં ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કરેલ જેણીનો શાળા રેકર્ડ મુજબ જી.આર.નં. ૩૪૮ પ્રમાણે ચાલતો હતો તેમજ અરજદારની ભત્રીજીએ ધોરણ ૧૦ ની પરીક્ષા જુન–૧૯૮૭ માં આપેલ અને શાળામાથી શાળા છોડ્યાનું એલ.સી. નં. ૨૫૭૩ ની વિગતવાળુ મેળવેલ છે જે આ કામે નિ. ૩/૨ થી રજુ છે તેમજ શાળાનો જનરલ રજીસ્ટર તેઓ તેમની સાથે લાવેલ છે જે ઉતારાની નકલ આ કામે નિ.૯/૧ થી રજુ રાખેલ છે. જે એલ.સી. તથા શાળાનો જનરલ રજીસ્ટર વંચાણે લેતાં આ કામના અરજદારની ભત્રીજીનો જન્મ મુ.ઓઢવપુરા, તા.વિરમગામ મુકામે થયેલ હોવાની હકીકત જણાઈ આવે છે.ઓઢવપુરા ગામ પહેલા વિરમગામ તાલુકામાં હતું અને

દેત્રોજ તાલુકો બન્યા પછી ઓઢવપુરા ગામ દેત્રોજ તાલુકામાં આવે છે જેથી અરજદારની ભત્રીજી નું જન્મ સ્થળ મુ.ઓઢવપુરા, તા.દેત્રોજ–રામપુરા,જી.અમદાવાદ છે તે માનવાને કારણ છે તે સંજોગોમાં અરજદારની અરજી મંજુર કરવા પાત્ર જણાઈ આવતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–::હુકમ::–</u>**

(૧) આ કામના અરજદાર પટેલ અમૃતભાઈ કેશવલાલ રહે.ઓઢવપુરા, તા.દેત્રોજ–રામપુરા,જી.અમદાવાદનાઓની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી ઓઢવ ગ્રામ પંચાયત કચેરી, મું.ઓઢવ, તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદનાઓને આથી હુકમ કરવામાં આવે છે કે, અરજદારની ભત્રીજી પટેલ પ્રેમિલાબેન લક્ષ્મણભાઈ રહે.ઓઢવપુરા, તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદનાઓની જન્મ નોંધણી રજીસ્ટરમાં જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૭૨ તથા જન્મ સ્થળ ઓઢવપુરા, તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ મુજબની જન્મની નોંધ કરી યોગ્ય તે ફી સ્વીકારી જન્મનો દાખલો કાઢી આપવો.

(૩) આ હુકમની યાદી કરવી.

હુકમ આજ રોજ તારીખ : ૧૦ મી, માહે માર્ચ , સને. ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૦/૦૩/૨૦૨૩
સ્થળ:– દેત્રોજ

(એ.આર.બોરીચા)
જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.દેત્રોજ.
કોડ.નં.જી.જે.૦૦૯૭૮